૭૫૨૪/૧

# સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ (સાબરડેરી)ના લાભાર્થીઓનો અભ્યાસ

અહેવાલ લેખન
ભીખાભાઈ પટેલ

સંકલન
ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
અને
ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઑફ ગુજરાત
સચિવાલય, ગાંધીનગર
૨૦૦૯

**મૂલ્યાંકન શા માટે :**

આદિજાતિ વિકાસ વિભાગ અને કમિશનર કચેરી દ્વારા આદિજાતિ વિકાસ કોર્પોરેશનને સાથે રાખીને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા લોન-ધિરાણ સભાસદને પુરૂ પાડીને, દૂધાળાં ઢોર ભૂતકાળમાં આપેલ. તેનાં કેટલાંક સારાં પરિણામના ભાગરૂપે વર્તમાનમાં રાજયની બનાસડેરી, સાબરડેરી, પંચામૃતડેરી, બરોડાડેરી અને વસુધારા ડેરી સાથે સંકળાયેલ આદિજાતિ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ડેરી દ્વારા અલગ યુનિટ ઉભુ કરીને ગામડામાં ઓછું ભણેલા અને બેકાર યુવક-યુવતીઓને પશુપાલન દ્વારા રોજી પૂરી પાડવાનો પ્રયાસ હાલ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી કુટબોની આવકવૃધ્ધિ માટે આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર અને પ્રાયોજના કચેરી ખેડબ્રહ્માના સહયોગથી 'સાબર ડેરી' હિંમતનગર દ્વારા 'ખેડબ્રહ્મા' તાલુકાની વિવિધ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને લોન આપી સભાસદ સુધી પહોંચીને તેને અલગ અલગ પ્રકારની તાલીમ આપીને દૂધાળાં ઢોર આપવાની યોજના અમલમાં મૂકેલ છે. તેને આજે એક વર્ષ પુરૂં થવામાં છે ત્યારે તેના પરિણામો વિષે, આવક વૃધ્ધિ અને દૂધની ટેકનોલોજીનું કેટલું જ્ઞાન વધ્યું તેનું મૂલ્યાંકન હાલના તબક્કે જરૂરી જણાતાં ગાંધીનગર 'ડી-સેગ' વિભાગના પ્રોજેકટ ઓફિસર શ્રીમતિ આરતીબેન ઠાકર, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના સંશોધન અધિકારી શ્રી ભીખાભાઈ પટેલ,'ડી-સેગ' ના કન્સલટન્ટ શ્રી કેતનભાઈ પટેલ અને ડી-સંગ સાથે સંકળાયેલ અન્ય કન્સલટન્ટ તેમજ સાબરડેરીના આ પ્રોજેકટ હેઠળ સંકળાયેલ ડૉ. આર.એસ. પટેલની ટીમ સાથે રહીને ડેરી દ્વારા આપવામાં આવેલ દૂધાળાં ઢોરની શું સ્થિતિ છે. તેની માવજત, દૂધ ઉત્પાદન, દૂધમાંથી મળતી આવક/ ખર્ચ અને વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલ લોનનું વળતર સભાસદને મળે છે કે કેમ તેની તપાસ તા.૫-૬ જૂન, ૨૦૦૯ના રોજ કેટલાંક ગામોની મુલાકાત લઈ કરી તેનો યથા સ્થિતિ અહેવાલ અત્રે પ્રસ્તુત કરેલ છે.

પ્રસ્તુત અભ્યાસ અહેવાલ દ્વારા સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમની સાથે સાબરડેરી દ્વારા આવરી લેવાયેલ લાભાર્થીઓને આપેલ યોજનાકીય લાભો અને યોજના અંતર્ગત મળેલ દૂધાળાં ઢોરની યોજના હેઠળને સાબરડેરી દ્વારા કરેલ ધિરાણથી શું લાભ થયો છે. ખરેખર દૂધાળાં ઢોર અંતરિયાળ વિસ્તારમાં લાભાર્થી પાસે છે કે કેમ ? દૂધાળાં ઢોર મળવાથી તેમની આર્થિક, શૈક્ષણિક, સામાજિક પરિસ્થિતિમાં શું પરિવર્તન જોવા મળ્યું, લોન લીધા પછી સભાસદો નિયમિત હપ્તા ભરે છે કે કેમ ? વગેરે બાબતોને આવરી લઈ હજુ પણ આદિજાતિના ઉત્કર્ષ માટે આદિજાતિ વિકાસ વિભાગે શું કરવું જોઈએ તે અંગે કેટલાક સૂચનો આપવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત તપાસ માટે ખેડબ્રહ્મા પ્રાયોજનાના આદિવાસી વિસ્તારના પ્રસ્તુત ગામોમાં ક્ષેત્રકાર્ય કરીને લાભાર્થી કુટુંબો સુધી પહોંચીને સાબરડેરી અંતર્ગત આ પ્રોજેકટ સાથે સંકળાયેલ વેટરનરી

ઓફિસર્સ, સુપરવાઈઝરને સાથે રાખીને, રૂબરૂ સંપર્ક કરીને સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમોના અનુભવો, પ્રતિભાવો, સમસ્યાઓને નિહાળી અત્રે મૂર્તિમંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ક્ષેત્રકાર્યને આધારે આ યોજનાને વધુ સારી રીતે સભાસદો સુધી પહોંચાડવા, તેનો યોગ્ય અને બહોળો લાભ આદિવાસી કુટુંબો લેતા થાય તે હેતુઓને બર લાવવા અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારતીય અર્થતંત્રમાં કૃષિવ્યવસાયની સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે ડેરી વ્યવસાયનું સ્થાન મોખરાનું રહ્યું છે. આજે વધતી જતી આમદાનીને પહોંચી વળવા માટે રોજગારીની નવી તકો પૂરી પાડવામાં અને કૌટુંબિક આવકમાં પૂર્તિ કરનાર વ્યવસાય તરીકે ગ્રામ્ય આદિજાતિ અર્થવ્યવસ્થામાં ટકી શકે તેવો કોઈ નક્કર વ્યવસાય હોય તો તે ડેરી વ્યવસાય છે. સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી પંચવર્ષીય યોજનાઓમાં ખેતીને મહત્વ અપાયું હતું. સાથે સાથે ૧૯૩૫-૩૬ના અરસામાં ચાલુ થયેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને પણ બીજી પંચવર્ષી યોજનામાં એટલું જ મહત્વ આપવામાં આવ્યું. ગુજરાત સરકારની નજર પણ ખેતીના પૂરક એવા પશુપાલનના વ્યવસાય પર મંડાઈ. જેમાં ગુજરાત સરકારને લાગ્યું કે આજે જો કોઈ નક્કર વ્યવસાય હોય તો તે ડેરી વ્યવસાય છે અને એને જો વેગ આપવામાં આવે તો ગ્રામ્ય અર્થતંત્રમાં પરિવર્તન લાવી શકાય. સરકારશ્રીએ પણ આ બધી બાબતોને ધ્યાનમાં રાખી ૧૯૭૨-૭૩ થી શરૂ કરી આજ સુધીમાં વિકાસની જુદી જુદી પ્રવૃત્તિઓને વેગ આપવા અને આદિવાસી પ્રજાના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિવાસી ઉત્કર્ષ માટે ભગીરથ પ્રયત્નો કર્યા છે. તેમાંય શરૂઆતમાં વ્યાજરાહત યોજના, ૫૦ ટકા સબસીડી, ઓછા વ્યાજે દૂધાળાં ઢોરના યુનિટ ભેંસો/ગાયો આપવામાં આવી. આજે આ બધી યોજનાઓની સાથે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત સાબરડેરી દ્વારા આઈ.ટી.ડી.પી. પ્રોજેકટ દ્વારા મંજૂર થયેલ ડેરી પ્રોજેકટના (I.D.D.P.) લાભાર્થીઓને સુવિધા આપીને તેનું શું પરિણામ આવ્યું તે જોવા-જાણવા ખેડબ્રહ્મા તાલુકાના દેમતી, ચિત્રોડી, દાંતિયા, પાંચમહુડી અને કલોલ-નાકા ગામોની મુલાકાત લઈ પ્રસ્તુત અહેવાલ રજુ કરવામાં આવેલ છે.

**વિસ્તાર :**

રાજ્યમાં આદિજાતિની વસ્તી ધરાવતા ૧૨ જિલ્લાના ૪૩ તાલુકાઓમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિના સર્વાંગી વિકાસના પ્રયત્નો હાથ ધરેલ છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંકલીત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત બનાસ-સાબર પંચામૃત અને વસુધારા ડેરીને પ્રાયોજના કચેરીના માધ્યમ દ્વારા આ વિસ્તારોના આદિજાતિ કુટુંબોને દૂધાળાં ઢોરની સુવિધા સ્થાનિક ડેરી ઊભી કરીને, ડેરીમાં મંત્રી-પ્રમુખ અને જરૂરી વહીવટી સ્ટાફને તૈયાર કરી, દૂધાળાં ઢોર ખરીદનારને સભાસદને પોતાની પસંદગીનું ઢોર મળે અને દુધાળા ઢોરની ખરીદી પહેલાં અને ખરીદી પછી શું

કાળજી લેવી જરૂરી છે, તેનાથી માહિતીગાર કરીને આદિજાતિ વિકાસ વિભાગે સાબરડેરી દ્વારા પાંચ વર્ષના પ્રોજેક્ટ પિરિયડ માટે કુલ રૂા.૩,૩૭૨.૧૦ લાખની સહાય દ્વારા જેમાં સરકારી ફાળો ૨,૦૪૯.૬૦ લાખ અને લાભાર્થી લોન ૧૦૦૦/- લાખ તથા સાબર ડેરીના ૩૨૨.૫૦ લાખ ના ફાળાના સહયોગ દ્વારા પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૦૦ લાભાર્થીઓ માટેની યોજના બનાવી છે. જેમાં ૧૦,૦૦૦ પશુ અને પશુદીઠ ૧૦,૦૦૦ સહાયની પણ વ્યવસ્થા કરેલ છે. એ રીતે પ્રથમ ખેડબ્રહ્મા તાલુકાના ૫૬ ગામોનો સર્વે કરીને ૩,૭૧૦ ધીરાણ અરજીઓ મંગાવી તેને મંજૂર કરી ૨,૩૨૨ લાભાર્થીઓને શરૂઆતમાં ૨૪ ગામોના ૧,૪૫૬ લાભાર્થીઓને દૂધાળાં ઢોર આપેલ છે. જેમાં ૧૧૯ લાભાર્થી પુરુષ અને ૧,૩૩૭ સ્ત્રીઓ છે. જેની વિગતો **કોઠા નં.૧**માં સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ માર્ચ-૯ અંતિત જોઈ શકાય છે. જેમાં ખર્ચની વિગતો પણ જોઈ શકાય છે. કોઠામાં દર્શાવેલ ૨૪ ગામો પૈકી પ્રત્યક્ષ કાર્યમાં ૪ ગામો દેમતી, ચિત્રોડી, દાંતિયા અને પાંચમહુડી તેમજ કલોલનાકાને પણ પ્રસ્તુત મુલાકાતમાં આવરી લઈ નોંધી તૈયાર કરેલ છે.

સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લીધેલા ગામોનો કુલ વિસ્તાર, કુલ ઘરોની સંખ્યા જાતિ પ્રમાણ (સેકસ રેશિયો) ગામોની કુલ વસતિ, આદિવાસી વસતિ- આદિવાસી વસતિમાં શિક્ષણ, દરેક ગામોમાં કાર્યભાર, કામ કરનારાઓની માહિતી અને પસંદ થયેલ ગામોમાં પ્રાથમિક શાળાથી લઈ ઘાસચારા, કૂવા, પિયતની સુવિધાઓ અંગેની વિગતો **કોઠા નં.૨**માં દર્શાવી છે. કોઠામાં દર્શાવ્યા મુજબ દરેક ગામોમાં શૈક્ષણિક સુવિધાઓનો અભાવ જોવા મળેલ છે. પાણીની સુવિધામાં માત્ર હેન્ડપંપ કાર્યરત હતા. કૂવાઓ સૂકા-ભઠ્ઠ હતા. કેટલાક ખાનગી કૂવામાંથી અડધો-પોણો કલાક ખપ પૂરતું પાણી મળી રહેતું હતું.

તાલુકાના કલોલ - નાકા વિસ્તારમાં પાણી- ઘાસચારો પૂરતો જોવા મળેલ છે. જયાં ડેરી વ્યવસાય પણ ફાલ્યો-ફૂલ્યો છે. લોકો ખુબ સજાગ પણ છે.

સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લીધેલ લાભાર્થીઓની વિગતો જોઈએ તો ચાર ગામના કુલ ૨૬૪ લાભાર્થીઓમાંથી ૧૫ ટકા લાભાર્થીઓને પ્રસ્તુત તપાસમાં આવરી લીધા હતા. તપાસ હેઠળના દેમતી, ચિત્રોડી, દાંતિયા અને પાંચમહુડા ગામના લાભાર્થીઓ માત્ર સ્ત્રીઓ હતી. લાભાર્થી સભાસદ સ્ત્રીઓની જાતિવાર શૈક્ષણિક વિગતોને કોઠા નં.૨માં દર્શાવી છે.

**વ્યવસાય :**

લાભાર્થીઓનો વ્યવસાય જોઈએ તો મુલાકાત લીધેલ ૪૦ કુટુંબો પૈકી ૩૯ ખેતી, ખેતીની સાથે ૭ કુટુંબો મજૂરી, ૩૮ કુટુંબો ખેતી સાથે પશુપાલન કરતા હતા. તેમને ૨૦૦૮ના ઓક્ટોબર માસમાં દૂધાળાં ઢોરની યોજનાઓનો લાભ મળેલ છે. જેની વિગત કોઠા નં.૩માં દર્શાવી છે. કોઠામાં દરેક કુટુંબોને કુટુંબદીઠ કેટલી લોન સહાય- સબસીડી મળેલ તેની વિગતો પણ જોઈ શકાય છે.

**પસંદગીના પશુ :**

લાભાર્થીઓને પોતાની પસંદગીના પશુ મળ્યા છે કે કેમ ? તે અંગે પૂછતાં જાણવા મળ્યું હતું કે દરેક લાભાર્થીઓ સજોડે અથવા પુરુષ એકલાએ જઈ મહેસાણી ભેંસ પસંદ કરી છે. ભેંસની પસંદગી વખતે ત્રણ ટાઈમ ભેંસને દોહી કેટલું દૂધ - દૂધની ગુણવત્તા ચકાસીને ટીમ દ્વારા પશુધનની પસંદગી કરેલ છે.

યોજનામાં મળેલ પશુ અંગેની સ્થિતિ અને તેની હયાતી અંગે પૂછતાં દરેક લાભાર્થીને ઘેર પોતાનું પશુ જોવા મળેલ છે. જેમને પશુ લાવ્યા પછી સારવાર- રસીકરણની સુવિધા ડેરીના પશુ ડોકટર દ્વારા મળી છે. દૂધાળાં ઢોરના નર-નારી બચ્ચાને પણ રસીકરણ અને કૃમિ નાશક દવાની પણ સુવિધા મળેલ છે. ભેંસની સાથે આવેલ પાડો / પાડી હયાત છે કે કેમ તેની વિગતો પણ મેળવી હતી. જેમાં ૪૦ ભેંસોના ૩૪ પાડી અને નર બચ્ચા પૈકી ૩૨ જીવિત હતા. ૮નાં મરણ થયા હતા. જયારે ૪૦ લાભાર્થીઓ પૈકી ૩૮ ભેંસ હયાત હતી જેની વિગત કોઠા નં.૪માં દર્શાવી છે.

**પશુધન માટેની સુવિધા :**

લાભાર્થીઓને વિસ્તારની રીતે જોતાં ડેરી દ્વારા ઘાસચારાની સુવિધામાં પણ ખુબજ મદદ મળી છે. ડેરી દ્વારા પાણીની સુવિધા માટે હાલ ૧૧ જેટલા ગામોમાં બોરવેલ કર્યા છે જેમાં ૭ બોરવેલ સફળ થયા છે. એટલે કે ડેરીએ અને પ્રાયોજના કચેરીએ લાભાર્થી સુધી પહોંચીને તેને બનતી બધાજ પ્રકારની મદદ કરેલ છે. જે કોઠા નં.૫ માં જોઈ શકાય છે.

**પશુ મળવાથી કામનું ભારણ દૂધ ઉત્પાદન અને આવકની વિગત :**

લાભાર્થીને દૂધાળાં ઢોર મળતા પહેલાં પોતાના ઘરનાં જ પાલતું ઢોર રાખીને જેમાં બળદ-ગાય અને કોઈક કુટુંબમાં ભેંસ જોવા મળી હતી તેનું પાલનપોષણ દૈનિક કાર્યક્રમ મુજબ કરતો. પરંતુ સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળું પશુ મળતાં તેની પાછળ સરેરાશ ૩ કલાકનો સમય આપતા થયા. તેની સાથે પોતાના પાલતું પશુને પણ સુવિધા મળતી થઈ. મુલાકાત લીધેલ ૪૦ કુટુંબો પૈકી ૩૯ કુટુંબોએ ભારણ વધ્યું હતું તેમ જણાવ્યું. જેવા કે પશુને નવડાવવું, ગમાણ સાફસૂથરી રાખવી, ઘાસચારો નીરવો, દિવસમાં દૂધાળા ઢોરને ત્રણ થી ચાર વાર પાણી પીવડાવવું, દૂધ દોહવું અને મંડળીમાં ભરવું એમ આ બધા પાછળ સરેરાશ બે થી ત્રણ કલાક કામ વધ્યું હતું.

**આવક :**

કોઠા નં.૬માં દર્શાવ્યા મુજબ લાભાર્થીઓને કામનું ભારણ વધવાની સાથે મંડળીમાં સરેરાશ ૨ લીટરથી ૫ લીટર સુધીનું દૂધ ભરીને સરેરાશ ૪૦૦ રૂપિયાની ૨૦૦૦-૨૪૦૦ રૂા. સુધીની માસિક

આવક શરૂ થયેલી જોઈ શકાય છે. કોઠા નં.૬.૧, ૬.૨ અને ૬.૩માં દરેક કુટુંબ માસ દરમિયાન કેટલું દૂધ ભરે છે. કેટલી આવક થાય છે તેના શું ભાવ મેળવે છે તે પણ જોઈ શકાશે. જે આવક થાય છે તેનો ઉપયોગ અને ખર્ચ કોણ કરે છે તેની વિગત કોઠા નં.૭માં દર્શાવી છે. દૂધ ડેરીમાં ભરીને તેનો પગાર મોટે ભાગે સ્ત્રીઓ લેવા જાય છે અને તેમની પાસે રાખીને ઘરવપરાશ માટે જરૂરી ખર્ચ પણ સ્ત્રીઓ જ કરે છે. પુરુષ સાથે રહીને મદદરૂપ બને છે. આવકનો ઉપયોગ મોટેભાગે ખાદ્યાખોરાકીનું રાશન લાવવા, છોકરાઓના અભ્યાસ માટે નવા કૂવા બનાવવા, પશુ સારવાર / માવજત માટે અને ડેરી દ્વારા મળેલ લોનની ચૂકવણી માટે કરે છે.

**તાલીમ :**

લાભાર્થી કુટુંબોને પશુધન આપતા પહેલાં અને પશુધન આપ્યા પછી નાના નાના તાલીમ કાર્યક્રમ દ્વારા સજ્જતા કેળવી હતી. જેમાં પશુધનની પસંદગી, પશુને રાખવાના સ્થળ, ગમાણ, સફાઈ, સમયે ચારો આપવા અંગે પાણી પીવડાવવા અને ઢોરની ચોખ્ખાઈ અંગે, દોહવાની પ્રક્રિયા અંગે વાછરડી પાડા-પાડીની માવજત, ખાણ-દાણ અંગે તેમજ ઢોર ગરમીમાં આવે ત્યારે તેને બંધાવવા માટે શું કરવું તેનાથી દરેકને વાકેફ કરવામાં આવેલ અને તે મુજબ આજે દરેક ગામોમાં સ્ત્રીઓ તેમનો રોલ ભજવી રહેલ જોઈ શકાય છે. જેની વિગતવાર નોંધ કોઠા નં.૮માં દર્શાવી છે.

**લાભાર્થી અન્ય યોજનાથી માહિતગાર છે કે કેમ ? :**

દૂધાળાં ઢોરની યોજના અંતર્ગત આવરી લીધેલ લાભાર્થીઓને ડેરી યોજના સિવાય અન્ય કઈ યોજનાઓથી પરિચિત છે તે અંગે પણ જાણકારી મેળવવાનો પ્રયત્ન કરેલ. જેમાં લાભાર્થીના જણાવ્યા મુજબ ૫૦ ટકા ઉપરાંતના લાભાર્થીઓ સનસાઈન યોજના, સ્કીલ ટ્રેનીંગ, SGSU યોજના, પેન્શન યોજના, NREGP યોજના-૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ચિરંજીવી યોજના, આશ્રમશાળા અને અન્ય કેટલીક સર્વાંગી વિકાસ યોજનાની જાણકારી ધરાવતા હતા. જેની વિગત કોઠા નં.૯માં દર્શાવી છે.

ટૂંકમાં ડેરી યોજના હેઠળ આવરી લીધેલ દરેક કુટુંબોમાં આર્થિક, શૈક્ષણિક, સામાજિક રીતે કેટલાક પરિવર્તનો જોવા મળ્યાં છે. તેના કેટલાક તારણો અહીં દર્શાવ્યા છે. આ યોજના હેઠળ થયેલ ખર્ચની સ્થિતિ પણ અહીં દર્શાવી છે.

# સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ-સાબરડેરી યથાસ્થિતિ

## Sabar Dairy - IDDP

1. Total 24 villages of Khedbrahma Taluka have been brought under project.
2. Total 3705 application were received.
3. 2322 Application were sanctioned
4. 1456 Applications were implemented during First Year upto 31-03-09.
5. During the period, Sabar Dairy procused additional milk of Rs. 1,22,00,000/-. (Appx.) under this project.
6. Upto 31.03.09 under this project Dairy has recovered Rs. 21,90,000/- against GTDC Loan.
7. Activities of Project upto 31.3.09.

7.1 Training to Beneficiaries Secretary & Chairman of Milk Co.op. Societies Women Training.

7.2 Successfully run Fodder Bank Approach.

7.3 5 borewells were made available but 1 borewell got failed. Rest 4 are working well.

7.4 Chief Secretory also visited Bharmiya village for the project.

7.5 Bactoscan Plant is under progrers. Machimen acquired & under installation.

(i) Sabar Dairy - IDDP Project at Glance

| | |
|---|---|
| Total 40 of Beneficieries | 5,000 |
| Total letter purchase | 10,000 |
| Total Poject cost | 3,372 |
| GOG 2,049 | |
| Sabar Dairy | 323 |
| Beneficiary contribution (GTDC Loan) | 1,000 |

(ii) First Year Performance - upto 31-3-09

| Beneficiaries | % | Budgeted/ Projected 2000 Nos Rs. (Lacs) | Actual 1456 Nos Rs./ (Lacs) | Excess shortage Rs. (Lacs) |
|---|---|---|---|---|
| GOG | 60.80 | 36120 | 437.00 | (+) 75.80 |
| Sabar Dairy | 9.55 | 57.02 | 23.29 | (-) 33.73 |
| Beneficiary contribution (GTDC Loan) | 29.65 | 176.14 | 181.41* | + 5.27 |
| | 100 | 594.07 | 641.70 | |

* Actual disbursed 159.48 lacs against receipt of 181.41 lacs from GTDC

**Note :** (1) Interest earned by Sabar Dairy on S B A/c. with Dena Gramin Bank from 3.9.08 to 31.3.09 Rs. 613

(2) Separate account is opened on 3.9.08

(iii) Grant Recd.

| | | |
|---|---|---|
| 18-3-08 | 1,37,00,000 | Deposited in Dairy A/c. |
| 9-1-09 | 2,00,00,000 | Deposited in Dairy A/c. |
| 24-3-09 | 1,00,00,000 | Deposited in Dairy A/c. |
| | **4,37,00,000** | |

- All the grants received are deposited in Dairy A/c. and not in IDDP separate A/c.

- These two Dena Gramin Bank A/cs.

Our for payment for cattle purchase - Grant A/c. No. 143016

Second for payment for Cattle purchase - GTDC Loan A/c. No. 143015

| | |
|---|---|
| Total Grants recd. | 4,37,00,000 |
| Total Payment from 143016 | 1,45,60,000 |
| | **2,91,40,000** |

- Whenever payment for cattle purchase is to be made, the required funds only are routed through Dena Gramin Bank. Otherwise all funds received from GOG are deposited with Dairy's common fund A/c.

(1) Reconciliation of Ledger Account of GOG Funds in Sabar Dairy Books.

| | **Grant Received** | **Grant Utilised** |
|---|---|---|
| 2007-08<br>2008-09 | 1,37,00,000 | 3,77,600 |
| Total As per | 3,00,00,000 | 4,17,91,017.07<br>(-) 1,45,60,000.00 contrus<br>2,72,31,097-00 |
| **Total** | **4,37,00,000** | **2,76,08,697-17** |

(2) 1st year Performance (Upto 31-3-09)

| | **Percent** | **Projected** | **Actual** |
|---|---|---|---|
| GOG Grant | 60.80 | 361.20 | 437.00 |
| Sabar Dairy Contribution | 9.55 | 57.02 | 23.79 |
| Beneficiaries Contribution (GTDC Loan) | 29.65 | 176.14 | 181.41* |
| | **594.07** | **642.30** | |

* Sabar Dairy has disbursed only Rs. 1,59,47,700 till 31.3.09. Balance Rs.21,52,000/- disbursed during April 2009.

6

# IDDP KHEDBRAMHA GOG FUND INCOME EXP. STATEMENT

## 1-04-07 TO 31-3-09

| Expanse | Rs. | Income | Rs. | Amount As Report | Difference |
|---|---|---|---|---|---|
| Breeding & Improvment | 281282.51 | | | 242822.00 | 38460.61 |
| Infrastructure 08-09 | 11805517.39 | Grant Recd. 07-08 | 13700000.00 | 803421.00 | 11002096.39 |
| Infrastructure 07-08 | 377600.00 | Grant Recd. 08-09 | 30000000.00 | 377600.00 | - |
| Animal Purchase | 14560000.00 | | | 14560000.00 | - |
| Training | 324081.49 | | | 325204.00 | (1122.51) |
| Project Management | 260215.79 | | | 947240.00 | (9210024.21) |
| G.O.G.Fund | 27608697.18 | | | | |
| | 43700000.00 | Total | 43700000.00 | 25779287.00 | 1829410.18 |
| Total | 16091302.82 | | | Bactoscan | 1149031.00 |
| | | | | | 680379.18 |
| | | | | A H Service | 35127.00 |
| | | | | Net Diff. | 645252.18 |
| | | As above Project Exp. | 26708697.18 | Computer | 626400.00 |
| | | Difference in Bactoscan | 1149031.00 | Net Diff. | 18852.18 |
| | | | 26963445.00 | | |
| | | Difference btween Account & Report. | 645252.18 | | |

## SHRI CHIEF MINISTER - INTEGRATTED DAIRY DEVELOPMENT PROJECT Ta-KHEDBRAHMA

Implementing Agency : Sabar Dairy - Himatnagar

Total Cost of Prioject : Rs. 3372.08 Lacs

Govt. Fund : Rs. 2049.63 Lacs

Sabar Diary : Rs. 322.45 Lacs

Loan : Rs. 1000.00 Lacs

Main Object of Project : Improve the socio-economic status of the poorest of the poor people - BPL in tribal area of the Khedbrahma taluka of the Sabarkantha district.

Main Activity : Cattle Purchase, Training, Animal Breed Improvement,

Infrastructure support, Project Management.

Selected Villages : 56 Villages

Surveyed Villages : 56 Villages

Mahila Meeting : 25 DCS covered before animal purchase and after the purchasing and 1000 beneficiaries participated for the training programme.

Two Orientation Prog. Done for the 10 villages covered.

Set come based training prog for the Naka village - 50 beneficiaries

Study Tour (Dairy Plant Visit) - Naka, Kalol, Damavas, Valasadi, Golvada.

Milko Testing Machine supllied on 11 DCS : Valasadi, Hingatiya, Panchmahuda, Nana Sebaliya, Bharmiya, Bandiya na Talav, Golvada, Chitrodi, Khedva, Patdiya, Dantiya.

Animal Purchasing : 1456 Animal for 24 DCS

A I Centers : Five A I Workers selected and given training -

Kalikankar, Chandrana, Valsadi, Sebaliya, Kalol.

Loan Given for Animal Purchase : 80 Lacs

Govt. Fund given : Rs. 1 crore 37 lacs

Used funjd : Rs. 87 lacs

Naka village 84 bpl ebenficiaries selected and 84 H.F. Cow purchased.

Before purchasing 2000 lit milk collection and after purchasing of cows 3300 lit milk collection per day.

**તારણો અને સૂચનો :**

આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સાબરડેરીને સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ પ્રોજેકટ કચેરી ખેડબ્રહ્મા દ્વારા સાબરડેરીના સતત નિરીક્ષણ હેઠળ આદિવાસી ખેડૂત કુટુંબોને ૫૬ ગામોમાં દૂધાળાં ઢોર આપવાની યોજના હેઠળ હાલ ૨૪ ગામોના ૧૪૫૬ જેટલા સભાસદોને દૂધાળાં ઢોર (ભેંસ-ગાય) આપવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત આદિવાસી સભાસદોને શું લાભ ગેરલાભ થયા ? કેટલી આવક વધી ? તેમના સામાજિક આર્થિક અને શૈક્ષણિક પાસાંઓ પર તેની શું અસર થઈ. આ યોજનાથી તેને ખરેખર લાભ થયો છે કે કેમ ? દૂધાળાં ઢોર તેમના સુધી પહોંચ્યા છે કે કેમ ? હાલ દૂધાળાં જાનવરની શું સ્થિતિ છે તે અંગે જાણકારી મેળવીને અહીં કેટલાંક નિષ્કર્ષ દર્શાવવામાં આવ્યા છે.

પ્રસ્તુત અભ્યાસમાં ખેડબ્રહ્મા તાલુકાના દેમતી, ચિત્રોડી (વિજયનગર) દાંતિયા, પાંચ મહુડી અને કલોલ-નાકા ગામોની મંડળીઓ અને સભાસદોનો સંપર્ક કરી ૪૦ જેટલા સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લઈ તપાસના ઉદ્દેશોને ધ્યાનમાં લઈ સર્વેક્ષણ કરવામાં આવેલ.

સર્વેક્ષણ કરવા સમયે નમૂનાની દૂધ મંડળીઓ અને સભાસદોની મુલાકાત લેતાં જાણવા મળ્યું હતું કે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રાયોજના કચેરી થકી સાબરડેરી દ્વારા તેના કાર્યક્ષેત્રની આદિવાસી વિસ્તારની દૂધ મંડળીઓની સાથે જોડાયેલ સભાસદોને લોન આપવામાં આવી હતી. જેઓ નિયમિત દૂધ ભરતા હતા તેમને મોટેભાગે આ લાભ મળ્યો હતો. આ યોજનાથી મોટાભાગના કુટુંબોની આવક વધવા પામી હતી.

દૂધાળાં ઢોરની યોજનાથી ગામમાં ખેડૂતો, ખેતમજૂરો અને મંડળી સાથે સંકળાયેલ ગરાસિયા - અંગારી, ગમાર, ખાંટ કુટુંબોને લાભ થયો છે. તેની વિગતો જોવાથી ખ્યાલ આવે છે. અહીં કોઠામાં બે એક ગામોમાંથી લીધેલ દૂધના અને તેના થકી પ્રાપ્ત થતી આવકની વિગત પણ દર્શાવી છે. આ યોજના દ્વારા ગ્રામ્ય સ્તરના દરેક કુટુંબોને આવરી લેવાનો પ્રયત્ન દૂધ ડેરી / મંડળીઓ દ્વારા કરવામાં આવેલ છે જેની તારણો સહી દર્શાવ્યા છે.

**સાબર ડેરી વિઝિટ કેટલાક સુઝાવો :**

(૧) સાબર ડેરીમાં પ્રોજેક્ટ સ્ટાફ કુલ ૧૨ સભ્યોનો છે.

(૨) ફિલ્ડ સ્ટાફમા બે વેટરનરી ઓફિસર, ત્રણ લેડી ઈન્સ્ટ્રક્ટર તથા છ ફિલ્ડ સુપરવાઈઝર છે.

(૩) આર.એફ.આઈ.ડી. ટેગ, સ્કેનર તથા સોફટવેરનો કોઈ ઉપીયોગ પ્રોજેક્ટમાં કરેલ નથી.

(૪) ટીટ-ડીપ સ્પ્રે પ્રોજેક્ટમાં આપેલા છે. પરંતુ તેનો ઉપીયોગ લાભાર્થી કરતા નથી.

(૫) પાવર ચાફકટરની પ્રોજેક્ટમાં જોગવાઈ છે. પરંતુ ખરીદેલ નથી. પ્રોજેક્ટ સ્ટાફના જણાવ્યા મુજબ પાવર ચાફકટ બદલે હેન્ડ ઓપરેટેડ ચાફકટર આપવામાં આવે તો તે વધારે ઉપીયોગી થઈ શકે તેમ છે.

(૬) પાણી માટે પાંચ બોરવેલ પાંચ ગામમાં બનાવેલ છે. તેમાંથી ત્રણમાં પાણી સારું આવેલ છે. બાકી બેમાં પાણી ન આવતા પ્રયત્ન ચાલુ છે.

(૭) ઘાસચારા માટે ધરોઈ ડેમ પાસેના ખેતરમાંથી લાભાર્થી માટે સંસ્તા ભાવે મળી રહે તે માટે ડેરીના પ્રયત્ન દ્વારા રૂા.૪ થી ૫ પ્રતિ કીલોથી સોદો કરી બધા લાભાર્થીને પુરુ પાડેલ છે. જે પ્રયત્ન સારો છે. જેમાં લાભાર્થી એક ટ્રેક્ટર લાવે તો તેને ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયા ભાડુ થાય છે. એક ટ્રેક્ટર ઘાસ તેને ૩ માસ જેટલું ચાલે છે.

(૮) પ્રોજેક્ટ અંતર્ગત એક પણ કેટલ શેડ બન્યો નથી. હાલમાં કેટલ શેડની ટાઈપ ડીઝાઈન માટે કામ શરૂ કરવામાં આવેલ છે. પરંતુ લાભાર્થી કેટલ શેડ બનાવવા રસ ધરાવતા નથી.

(૯) માર્ચ મહિનામાં પ્રોજેક્ટ અંતર્ગત સોમેટીક સેલ કાઉન્ટર ખરીદેલ છે.

(૧૦) ટ્રેનીંગ સેન્ટરનું બાંધકામ ચાલુ છે.

(૧૧) લાભાર્થીની ટ્રેનીંગને લગતી માહિતી મેળવતા ડેરીના ટ્રેનીંગ પાર્ટને સબળ કરવાની જરૂર છે. તેમાં ખાસ કાર્ય સેટકોમ તાલીમ તથા ડેરીએ કરેલ ઓરીએન્ટેશન તાલીમમાં સાબર ડેરીની વિઝીટ યાદ છે. અન્ય કોઈ ખાસ અસરકારક જાણકારી લાભાર્થી ધરાવતા નથી.

(૧૨) કૃત્રિમ બિજદાન માટે પાંચ એ.આઈ. વર્કરને તાલીમ આપેલ છે. તેમાંથી કલોલ ગામના એક એ.આઈ. વર્કર (કૃત્રીમ બિજદાન કર્મચારી)ની મુલાકાત લીધેલ છે.

(૧૩) લાભાર્થી દ્વારા કેટલાક ગામોમાં લગભગ ૬૦ થી ૭૦ ટકા લોન ભરપાઈ કરી દેવામાં આવી છે.

**સૂચન :**

★ એક મંતવ્ય પ્રચલિત છે કે દૂધ ભેંસ કે ગાયના આંચળામાં નહિ પણ તેની દાઢમાં છે. પશુ માટે જેટલું અને જેવું ઘાસ તેટલું વધારે દૂધનું ઉત્પાદન વધશે. એટલે કે ડેરી સંઘ દ્વારા દૂધ મંડળીઓને અપાતા પશુઓની સાથે સાથે ઘાસ ઉછેરની યોજના પણ એટલી જ મહત્વની છે. આ સાથે આદિવાસી વિસ્તાર માટે પાણી પણ એટલું જ જરૂરી છે. જેના સિવાય આદિવાસી વિસ્તારમાં અપાતાં દૂધાળાં ઢોર કદાચ સભાસદને વધુ મશ્કેલીમાં મૂકશે, ગરીબને વધું ગરીબ બનાવશે માટે આ અંગે પણ વિચારણા જરૂરી છે.

★ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ અંતર્ગત અપાતો નાણાંકીય સહાય વડે આદિજાતિ લાભાર્થીઓને જે દૂધાળાં ઢોર અપાય છે તે ગામડામાં ઓછું ભણેલ સ્ત્રી-પુરુષો માટે રોજી પૂરી પાડવા માટેનો અસરકારક કાર્યક્રમ પુરવાર થઈ રહ્યો છે ત્યારે આ યોજનાની સાથે સાથે એ પણ ભૂલવું ન જોઈએ કે આદિજાતિ સભાસદોને દૂધાળાં ઢોરને પોષવાની વ્યવસ્થાને પણ જાણવી અને વ્યવસ્થા ઊભી કરવા પ્રયત્ન કરવો.

★ દૂધાળાં ઢોર ખરીદનાર સભાસદને ખરીદી પહેલાં અને પછી જે તાલીમ આપવામાં આવે છે તેને સઘન બનાવી રીફ્રેશર તાલીમ ગોઠવવી.

★ ભેંસની સાથે બીજા પશુ તરીકે ગાય આપવી જોઈએ. બીજું પશુ આપતા પહેલાં તેમને ખાસ પશુ પસંદગીની તાલીમ પર ભારણ આપવું જરૂરી છે. લાભાર્થીને બીજા પશુ તરીકે ગાય આપવા પર ભાર મૂકી જરૂરી સૂચના આપી ગાય પ્રત્યે સભાન બને તે જરૂરી છે.

★ ગાય આપવા પાછળ કેટલાંક ફાયદા એ છે કે ગાયનો બે વિયાણ વચ્ચેનો સમયગાળો ખૂબ જ ઓછો હોય છે.

★ વાછરડી / વાછરડાનો ઉછેર જલ્દી થાય છે. વાછરડી ગાયના સ્વરૂપે ટૂંકા ગાળામાં ફલિત થાય છે. ભેંસ કરતાં જલ્દી બંધાય છે એટલે કે ઘરનું જ બીજું દૂધાળું ઢોર ઓછા સમયમાં તૈયાર થાય છે જે ભેંસમાં વધુ સમય લાગે છે.

★ ગાય-દૂધનું ઉત્પાદન પણ વધુ હોય છે. પાલન પોષણ ભેંસ કરતાં ઓછું કરવું પડે છે.

★ દૂધ મંડળીઓ દ્વારા નિયમિત ટેસ્ટીંગ (દૂધ ફેટ) થાય છે. તેવી રીતે ભવિષ્યમાં આ પ્રક્રિયાને વળગી રહી વધુ સભાસદો મંડળી સાથે જોડાય તે જરૂરી છે.

★ પશુને એકવાર વિયાણ થયા પછી તે નિયમિત સમયાંતરે ફરીથી ગાભણ થઈ જાય તેનું ધ્યાન રાખવું ખૂબજ જરૂરી છે. કારણ કે જેટલું મોડું પશુ ગાભણ થાય તેટલું મોડું વિયાણ અને તેટલું ઓછું દૂધ ઉત્પાદન થશે જેથી આખરે તો આદિવાસી પશુપાલકોની આવકમાં જ ફરક પડશે.

★ પશુ ગરમીમાં આવે ત્યારે તુરંતજ તેને કૃત્રિમ બીજદાન દ્વારા ગાભણ કરી શકાય.

★ પશુપાલનની સાથે સાથે કેટલાક કુટુંબો છૂટક મજૂરી પણ કરે છે. ખેતી પશુપાલન અને મજૂરી આ ત્રણે ધંધાનો સમન્વય કરી ઘણા કુટુંબો દૂધાળાં ઢોર માટે ઘાસ-દાણ મેળવે છે. થોડું ખેતીમાંથી અને પશુપાલનમાંથી વળતર મેળવી પોતાનું પણ ગુજરાન ચલાવે છે. જેઓના કુટુંબમાં કામ કરી શકે તેવા બે થી વધુ સભ્યો હતા. તેઓ અન્ય સ્થાનિક વિસ્તારમાં છૂટક મજૂરી માટે પણ જાય છે. ઘેર રહેનાર પશુપાલનની સાથે સાથે ખેતી મજૂરી, સ્થાનિક જંગલ મજૂરીએ જાય છે અને કુટુંબનું ભરણપોષણ કરે છે.

★ કેટલાક કુટુંબો ખેતીની સાથે પશુપાલન ઉપરાંત નાનો વેપાર નોકરી (ડ્રાઈવીંગ) ધંધો પણ કરે છે. જેમાંથી સ્વનિર્ભર માટે અને તેમજ દૂધાળાં ઢોર માટે દાણ, ઘાસ વેચાતુ લાવીને પણ દૂધનો વ્યવસાય કરે છે. દરેક સભાસદ દૂધાળાં ઢોર માટે કાળજી સારી લે છે. દરેક સભાસદો દૂધાળાં ઢોરની પસંદગીમાં ભેંસની પસંદગી વધુ કરે છે. દરેક સભાસદ ભેંસ વેતરે આવે પાડાથી ઢોર બંધાવે છે. કૃત્રિમ વીર્યદાનની સુવિધા દરેક મંડળી પાસે ઉપલબ્ધ નથી.

★ દરેક કુટુંબો પાસે સો ટકા ઘાસચારાની સુવિધા પણ નથી. ૧૫ થી ૨૦ ટકા કુટુંબો ખેતી, જંગલ, ઝાડનો લીલો પાલો અને ઘાસ ખોદીને તેમજ ખૂટતો ચારો વેચાતો લાવીને પશુને ચારો પૂરો પાડે છે. ડેરી દ્વારા પણ ઘાસની સુવિધા અપાય છે.

★ દૂધ મંડળી સાથે જોડાએલ દરેક કુટુંબો પોતે જ કુટુંબના સભ્યોમળીને પશુ ઉછેર, માવજત કરે છે.

★ દરેક કુટુંબોની પાસે મંડળી દ્વારા મળેલ દૂધાળાં ઢોર (ગાય-ભેંસ) નું આરોગ્ય પણ સારું છે. દરેક કુટુંબો ઢોરની માવજત પણ કરે છે. ઉત્તર ગુજરાતના મોટાભાગનો વિસ્તાર કે જયાં દૂધાળાં ઢોરનું આરોગ્ય બરાબર સચવાયેલું જોવા મળ્યું નથી. ત્યાં ઘાસ-પાણીની તંગીને કારણે દૂધાળાં ઢોર કેટલાક કુટુંબો પાસે મૃત્યુ પણ પામ્યા છે.

★ સાબરકાંઠા જિલ્લામાં કેટલીક મંડળીઓવાળા ગામોમાં ઉનાળામાં ઘાસ-પાણીની સતત તંગી હોવાથી ડેરી દ્વારા ઉનાળામાં પણ ઘાસ-પાણીની પૂરી સુવિધા અપાઈ રહી છે.

★ દૂધાળાં ઢોર મળવાથી સભાસદોની આવકમાં સુધારો જોઈ શકાય છે. માસિક રૂા. ૨૫૦થી

માંડીને રૂા.૧૮૦૦ થી ૨૦૦૦ સુધીની આવકમાં સુધારો જોવા મળે છે. જેમને દૂધાળાં ઢોરની વધુ સારી માવજત કરી છે તેઓની આવકમાં માસિક રૂા. ૨૫૦૦ સુધીનો ફેરફાર જોવા મળે છે.

★ દૂધાળાં ઢોરની આવક વૃધ્ધિની સાથે તેની પાછળ થતુ ખર્ચ પણ એટલું જ વધેલું જોવા મળે છે. કારણ કે ઘાસ-દાણ મોટાભાટે વેચાતું લાવવું પડે છે. જે મોંઘુ પણ છે.

★ સભાસદોને દૂધાળાં ઢોર ગાય, ભેંસની કાળજી અંગે પૂછતાં જાણવા મળે છે કે સભાસદે દૂધાળાં ઢોરની કાળજી વિષેની સારી તાલીમ પણ લીધેલી છે અને સઘન જાણકારી મેળવી છે.

★ દૂધ ઘરમાં વાપરો છો કે કેમ ? આ અંગે સભાસદોને પૂછતાં તેના જવાબમાં ૯૫ ટકા કુટુંબોએ 'હા' પાડી હતી અને કહેતા પણ ખરા કે દૂધ મંડળી દ્વારા ભેંસો મળવાથી ભલે મંડળીમાં દૂધ ઓછુ ભરી શકાય પરંતુ ચોખ્ખા દૂધ-ઘી-છાશનો જરૂર ખાવા અને ચ્હા માં ઉપયોગ કરે છે.

★ સાબર ડેરી દ્વારા પશુખાણની, દાણની સુવિધા કરવામાં આવે તો પોષક આહાર સ્થાનિક દુકાનોમાંથી ન લાવવો પડે. આદિવાસી વિસ્તારોમાં વારંવાર ઊભી થતી અછતની પરિસ્થિતિ ઘાસચારાની ઉણપ અને આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હોય તેવા કુટુંબો ખાણ-દાણનો ઉપયોગ નહિવત કરતા જેથી સૂકા વિસ્તારોમાં દૂધનું ઉત્પાદન પણ ઓછું જોવા મળે છે. જેનો ખ્યાલ મંડળી દ્વારા કરાતા દૂધના કલેકશન ઉપરથી જરૂર આવે છે.

★ મંડળીને પડતી કેટલીક મુશ્કેલીઓના સંદર્ભમાં જોઈએ તો આદિવાસી વિસ્તારમાં શરૂઆતમાં મંડળીમાં દૂધ ઓછુ આવવાને લીધે એકત્રિત કરતા દૂધના પ્રમાણમાં વહીવટી ખર્ચ વધુ ભોગવવો પડે છે જેથી આર્થિક લાભો ઓછા થાય છે.

★ શરૂઆતમાં બિન અનુભવી મંત્રી અને કર્મચારીઓના કારણે દૂધ મંડળીના વહીવટમાં ધારી પકડ મેળવી શકાતી નથી. જેથી દૂધના વ્યવસાયની અજ્ઞાનતા, બિનઆવડત તેમજ કેટલીક ગેરસમજને કારણે મંડળી અને સભાસદો વચ્ચે અવિશ્વાસ ઉભો થતો હોય છે.

★ મંડળીની શરૂઆતમાં જે સહાય અપાય છે તે મંડળી સદ્ધર ન બને ત્યાં સુધી ચાલુ રાખવી જોઈએ. ડેરી પ્રવૃત્તિથી સમગ્ર રીતે જોતાં સભ્યોની આવકમાં વૃદ્ધિ થઈ છે તે નિશ્ચિત છે. (પ્રસ્તુત અભ્યાસ ઉપરાંત દૂધ ઉત્પાદક સ.મં.ઓ. મૂલ્યાંકન અભ્યાસ (આ.સં.તા. કેન્દ્ર) ૧૯૭૫-૭૬ ના ડેરી વિકાસ બોર્ડ દ્વારા કરાયેલ અભ્યાસ આઈ.આઈ.એમ. દ્વારા હાથ ધરાયેલ અભ્યાસ પરથી સ્પષ્ટ તારણ નીકળે છે કે આ.વિ.કો. ના વિકાસના સઘન પ્રયાસોથી સભાસદોને સીધી અથવા તો આડકતરી રીતે જે લોન સહાય પૂરી પડાય છે. તેનાથી દરેક પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ કુટુંબોની આવક વૃદ્ધિ થઈ છે. પછી તે જમીન વિહોણા અથવા તો નાના સીમાંત ખેડૂત કેમ ન હોય ?)

★ ડેરી વ્યવસાય એ માત્ર રોજી ઉભી કરવાનું સાધન નથી. પરંતુ તેના દ્વારા સભ્યોની આવક વૃદ્ધિ થઈ છે. ડેરી દ્વારા ભાવો પણ સારા ચૂકવાય છે. અને આનાથી સામાજિક-આર્થિક અસમાનતા પણ ઘટી છે.

★ આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકોનું મુખ્ય જીવન નિર્વાહનું સાધન રૂઢિગત ખેતી છે. પરંતુ મોટાભાગના લોકો પાસેથી ટૂંકી જમીન, પિયતની જોગવાઈઓનો અભાવ, એકથી વધુ પાક લેવાની પરિસ્થિતિની ઉણપ, પૂરતી મજૂરી મળી શકે નહિ તેવા સંજોગોમાં આદિવાસી ખેડૂતોને માટે પૂરક રોજી ઉભી કરવામાં, આવક વધારવામાં અને આદિવાસીઓના જીવનસ્તરમાં સુધારો લાવવાનું ભગીરથ કાર્ય આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અપાતાં દૂધાળાં ઢોર યુનિટ લોન સહાયનો સહારો મળતાં લોકો દૂધાળાં ઢોરની ખરીદી કરી દૂધના વ્યવસાય તરફ ઠીક ઠીક પ્રમાણમાં વળ્યા છે. ટૂંકમાં કહીએ તો આ. વિ. વિભાગની દૂધાળાં ઢોરની યોજના આદિવાસીઓ માટે આર્શીવાદ રૂપ નીવડી છે.

★ ગામમાં જ પશુદાણ-ખાણ-આહાર માટેની દુકાન અંગે સહાય મળે તો પશુઆહારની સુવિધા દરેક મેળવી શકે અને રોજગારીનું સાધન ઉભું કરી શકાય.

★ જે સભાસદની ભેંસ મૃત્યુ પામી છે તેનો વીંમો તત્કાલ મળે તેમજ ડોક્ટરી સર્ટી વહેલું મળે તો બીજા પુશની પસંદગી માટે વિચારી શકાય.

★ કેટલાક સભાસદ જમીન વિહોણા હોવાથી ઘાસચારાની મુશ્કેલી રહે છે. મજૂરીએ જવું પડતું હોવાથી દૂધાળાં ઢોરની દેખભાળ સમયસર ચાકરી કરી શકતા નથી. ટાઈમ પણ સચવાતો નથી જેથી દૂધનું ઉત્પાદન બરાબર લઈ શકતા નથી.

★ જમીન ઓછી હોવાને કારણે પૂરતું ઘાસ ન મળવાથી દૂધના ઉત્પાદનમાં વધઘટ થયા કરે છે.

★ જમીન ન હોવથી ઘાસચારાની તંગી ઘાસચારા માટે બીજા પર આધાર રાખવો પડતો હોવાથી પણ દૂધનું ઉત્પાદન ઘટે છે.

★ નજીકના નદી-નાળા પર આડબંધની યોજના દ્વારા પાણીની સુવિધા ઉભી થાય તોજ આવક વધારી શકાય અને લીફટ ઈરીગેશન દ્વારા ઉનાળામાં પણ લીલો ચારો કરી શકાય.

★ સાત માસ કે આઠ માસે બીજી ભેંસ અથવા ગાય માટે લોન સહાય મળે તો દૂધની આવક ચાલુ રહે અને સમયસર લોનના હપ્તા ભરી શકાય તેમજ દૂધમંડળી પણ ચાલુ રહેશે.

★ ડેરીના કારણે સભાસદોને જ્યારે જરૂર પડે ત્યારે અમુક પૈસા મળી રહે. સમયસર હપ્તા કપાય છે.

★ દૂધાળાં ઢોરની યોજના આદિજાતિના લોકો સુધી પહોંચતા આ વિસ્તારના લોકોની આર્થિક પરિસ્થિતિ માં ઘણો સુધારો જોવા મળ્યો છે. ઘર, ઘરની પરિસ્થિતિ, રહેણીકરણી અને વપરાશી માળખામાં પણ પરિવર્તન જોવા મળેલ છે.

**કોઠા નં. ૧**
**સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ માર્ચ-૦૯ અંતિત સ્થિતિ**

| | | |
|---|---|---|
| ૧. | પ્રોજેક્ટ પીરીયડ | : પાંચ વર્ષ |
